ગાંધીનગર સમાચાર

શારીરિક શિક્ષણ વિભાગ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકોએ કોરોના રસીકરણ જાગૃત્તિ અભિયાન શરૂ કર્યું

ગાંધીનગર, તા. ૧૭

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમના સ્વયં સેવકો ગામે ગામે રસીકરણ જાગૃત્તિ અભિયાનમાં મદદ કરી રહ્યા છે વિશેષમાં માનનીય વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા આપેલી માહિતી લોકો સુધી પહુંચાવી રહ્યા છે ભારત સરકારના સ્વાસ્થય મંત્રાલય દ્વારા કઈ રીતે આવતા સમયમાં કોરોના મહામારીથી બચવા માટે રસીકરણ અભિયાન ચલાવવામાં આવશે તેની વિસ્તૃત માહિતી લોકોને બતાવી રહયા છે અને રાષ્ટ્રોય સેવા યોજના એકમના સ્વયં સેવક ભારત દેશના વૈજ્ઞાનિકોની કઠોર મેહનત પછી ભારતમાં નિર્મિત કોવિશિલ્ડ અને કોવેક્સિન રસી કેવી રીતે અને કયા વર્ગના લોકોને પ્રથમ ચરણમાં આપવામાં આવશે અને પછી કેવી રીતે વિવિધ ચરણોમાં ભારત દેશના લોકોને વિશેષમાં ગુજરાત રાજયમાં રસીકરણ અભિયાન ચલાવવામાં આવશે તેની માહિતી સ્વાસ્થય મંત્રાલય દ્વારા બનાવેલી માર્ગદર્શિકા પ્રમાણે લોકોને જણાવી રહ્યા છે અને તેમની મનમાં આવેલા વિવિધ પ્રશ્નોના સંતોષજનક જવાબ આપી રહયા છે.

જેમાં વિશેષ રીતે ગયા વર્ષે ગણતંત્ર દિવસની દિલ્લીમાં આયોજિત પરેડમાં ભાગ લીધેલ સ્વયં સેવક હસ્તી વેગડ અને દહેગામના દેવકરણના મુવાડા ગામના જુઝારું સ્વયં સેવક કરણ રાઠોડ કોરોના મહામારીની રસીકરણ જાગૃત્તિ અભિયાનમાં મદદ કરી રહ્યા છે આવતા દિવસોમાં પણ શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા ઓનલાઈન માધ્યમથી વેબીનારના આયોજન કરવામાં આવશે અને સાદરાની આજુ બાજુના ગામોમાં પણ કોરોના મહામારીના સંદર્ભમાં રસીકરણ જાગૃત્તિ અભિયાન ચલાવવામાં આવશે અને આ સમાજ ઉપયોગી અને પ્રેરણાદાયી પ્રવૃત્તિના આયોજનમાં શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયાનો માર્ગદર્શન અને પ્રોત્સાહન રહ્યો હતો કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું છે

ગણપત યુનિવર્સિટીએ ઉજવ્યો 'વિદ્યા સમાજોત્કર્ષ' દિવસ

'માનવીનું સાચું ઘડતર કરે તે જ સાચું શિક્ષણ' : સ્વામી નિમિલેશ્વરાનંદજી

ગણપત વિદ્યાનગર, તા. ૧૭

ગણપત યુનિ.ના દાતા - અધિષ્ઠાતા અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈએ ૧૨મી જાન્યુઆરીના જન્મદિવસને દર વર્ષે ગણપત યુનિવર્સિટી 'વિદ્યયા સમાજોત્કર્ષ' : દિવસ તરીકે ઉજવે છે, એ પરંપરા આ વર્ષે પણ જાળવવામાં આવી હતી.

આ ઉજવણીમાં બે ભાગમાં વહેંચવામાં આવી હતી. પહેલા ભાગમાં ગણપત યુનિ.ના વિશાળ ઓડિટોરિયમમાં મર્યાદિત સંખ્યામાં ઉપસ્થિત રહેલા યુનિ.ના પ્રા. ચાન્સેલર અને ડાયરેકટર જનરલ પ્રા. ડૉ. મહેન્દ્ર શર્મા, પ્રો. વાઈસ ચાન્સેલર અને રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ વગેરે દ્વારા સ્ટાફ સ્ટુડન્ટસ માટેના 'પ્રેસિડેન્ટ એવોર્ડઝ' તેમજ 'ડીજી એવોર્ડઝ'નું વિતરણ થયું હતું.

આ સમારોહમાં અલબત્ત, ગણપત યુનિવર્સિટીના પેટ્રન ઈન ચીફ અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, ટ્રસ્ટી બેચરભાઈ પટેલ, યુનિ.ના ગર્વ બોર્ડ મેમ્બર પ્રકાશભાઈ જાની, ગોવિંદભાઈ પટેલ તેમજ રસેશભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતા.

'સ્ટાફ એક્સેલન્સ' માટેનાં 'પ્રેસિડેન્ટ એવોર્ડઝ' કુલ સાત કેટેગરીમાં આપવામાં આવે છે જેમાં - (૧) લર્નિંગ એન્ડ ટિચિંગ (૨) રિસર્ચ, (૩) રિસર્ચ અર્લિ કેરિઅર રિસચેર, (૪) સ્પોર્ટ સર્વિસ એન્ડ એંગેજમેન્ટ (૫) ઈન્સ્ટિટટયુટ કેપેસિટી બિલ્ડિંગ, (૬) સ્પેશિયલ રેકગ્નિશન અને (૭) મેનેજર ઓફ ધી ઈયરનો સમાવેશ થાય છે.

કુલ ૯૦ વ્યક્તિઓને એમના કાર્યની શ્રેષ્ઠતા માટે પ્રેસિડેન્ટ એવોર્ડઝ અપાયા.

એ જ રીતે વિદ્યાર્થીઓ માટે 'ડાયરેકટર જનરલ એવોર્ડઝ ફોર સ્ટુડન્સ એચિવમેન્ટ' નું પણ આ સમારંભમાં વિતરણ થયું હતું. આ કેટેગરીમાં ૮૩ જેટલાં વિદ્યાર્થીઓને એવોર્ડઝ એનાયત થયા હતા.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીને ગુજરાત સરકાર તરફથી બી.એસસી. અગ્રિકલચર કોર્સને માન્યતા

ગાંધીનગર, તા. ૧૭

ભારત એક ખેતિપ્રદાન દેશ છે અને આપણી સરકાર હંમેશા ખેડૂતોના ભાવિ હિત અને વિકાસલક્ષી યોજનાઓ ને અમલ માં મૂકે છે.કૃષિ ક્ષેત્રે સ્ટાર્ટઅપ, ઈનોવેશન અને વિકાસ ની વિપુલ તકો રહેલી છે.

ભારત દેશ ની પ્રથમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી જે સ્ટાર્ટઅપ અને એન્ટ્રપ્રિન્યર પર અવિરતપણે કાર્યરત છે. તાજેતરમાં, આ યુનિવર્સિટીને ગુજરાત રાજય સરકાર તરફ થી, બી.એસસી. અગ્રિકલચર - B.Sc (Hons) Agriculture કોર્સ શરુ કરવાની પરવાનગી મળી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ કોર્સ પૂર્ણ કર્યા પછી, વિદ્યાર્થીઓ ને અગ્રિકલચર ઓફિસર, પ્લાન્ટેશન મેનેજર, બેંકોમાં અગ્રિકલચર લોન ઓફિસર,ફૂડ પ્રોસેસીંગ યુનિટ્સ ઓફ ગવર્નમેન્ટ, ક્રોપ સ્પેશ્યલિસ્ટ, સોઇલ સર્વેયર વિગેરે ક્ષેત્રે અને વિવિધ પ્રોફાઈલમાં ખુબ નોકરી અને બિઝનેસ ની તકો રહેલી છે.

આ પ્રસંગે, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટી ના માનનીય પ્રેસિડેન્ટ રિષભ જૈન જણાવે છે કે, 'સ્વર્ણિમ યુનિવર્સિટી'ને અગ્રિકલચર કોર્સ ની મંજૂરી મળી છે આ એક ખુબ ગર્વ ની બાબત છે. હું અને તમામ સ્વર્ણિમ પરિવારના સદસ્યો ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, કૃષિ મંત્રી આર.સી.ફળદુ તેમ જ શિક્ષણ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમા તેમ જ ગુજરાત સરકારના ખુબ ખુબ આભારી છીએ. સ્વર્ણિમ યુનિવર્સિટી સ્ટાર્ટઅપ, ઈનોવેશન ક્ષેત્રે હંમેશા કટ્ટીબદ્ધ છે અને આજના યુવાનો એ જોબ માંગે નહિ પણ જોબ આપે તે દિશામાં આગળ વધે એ અમારો મુખ્ય ઉદ્દેશ છે. યુવાનોના ઈનોવેટિવ આઈડિયાઝને સફળ બિઝનેસ મોડલ સુધી લઈ જવા માટે અમારી યુનિવર્સિટીમાં ઈક્યુબેશન સેન્ટર છે જે સ્ટાર્ટઅપ ના તમામ એલિમેન્ટ અને ઈકો સિસ્ટમ સુવિધા થી સજ્જ છે.'

રામાજીના છાપરા ગામમાં વેસ્ટ દોરી પતંગ એકટ્રી કરી 'કરુણા અભિયાન' સફળ બનાવાયું

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રામાજીના છાપરા પ્રા. શાળાના શિક્ષક ધર્મેશ ગજ્જર દ્વારા ગામમાં યુવાનો, વડીલો, મહિલાઓ, ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને એસ.એમ.સી અધ્યક્ષ મહેશસિંહ પરમારના સહકારથી ઉત્તરાયણ બાદ જાહેર રસ્તાઓ, શેરીો, વિવિધ ફળિયાઓ, રસ્તાની બાજુની વાડ, ધાબા વગેરે જગ્યાએ પડેલ વેસ્ટ દોરી પતંગ એકત્ર કરી નાશ કર્યો હતો.

માધવસિંહ મૂળભુત રીતે સત્તા કે સંપત્તિના નહી પરંતુ સરસ્વતીના પૂજારી હતા

સન ૧૯૩૦ની ગાંધીજીની દાંડીયાત્રાને ત્રણ વર્ષના માધવસિંહ સોલંકીએ તેમનાં વડીલોના ખભે બેસીને નિહાળેલી. ૧૯૪૨ની હિંદ છોડો ચળવળમાં ૧૫ વર્ષના માધવસિંહે માધ્યમિક શિક્ષણનો બહિષ્કાર કરીને ભાગ લીધેલો. ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ અકિલ કુરૈશીના પિતા સ્વ. હમીદ કુરૈશી સાથે ગાંધી આશ્રમમાં અંતેવાસી તરીકે રહેનાર મધ્ય ગુજરાતમાં પછાત ક્ષત્રિય સમાજના તેજસ્વી શિક્ષિત યુવાનને જમાઈ બનાવી ભવિષ્યમાં પછાત વર્ગો માટે કામ લઈ શકાશે તે આશયથી મોટા કુટુંબના ગણાતા સસરા સ્વ. ઈશ્વરભાઈ ચાવડાએ (કોંગ્રેસના વર્તમાન પ્રમુખ અમિત ચાવડાના દાદા) અભ્યાસ સાથે ખેતમજૂરી કરનાર ફૂલસિંહ સોલંકીના દીકરા માધવસિંહને પોતાની દીકરી વિમળાબેન સાથે પરણાવેલી.

સ્વાતંત્ર્ય સેનાની ઈશ્વરભાઈ ચાવડાની અપેક્ષા પ્રમાણે અર્થશાસ્ત્ર-રાજ્યશાસ્ત્ર સાથે બી.એ. તેમજ એલ.એલ.બી. કરીને ખેતમજૂર-શિક્ષકના આ દીકરા માધવસિંહે ૧૯૫૭માં ૩૦ વર્ષની ઉંમરે બૃહદ મુંબઈ રાજ્યની વિધાનસભામાં પ્રવેશ કરીને ૧૯૬૦ સુધી નાના-સીમાંત ખેડૂતો અને ખેતમજૂરોના હિતમાં કાયદાકીય સુધારા કરાવી સર્વ-વર્ગીય ગરીબોના ભાવિ મસીહા તરીકે રાજકીય સફરનો મજબૂત પાયો નાખ્યો હતો.

જમીન, ખેતી, ખેડૂત અને ખેતમજૂર હંમેશા માધવસિંહના પ્રિય વિષયો રહેલા. સન ૧૯૬૦થી અલગ ગુજરાતની રચના બાદ સ્વ. જીવરાજ મહેતાના પ્રથમ પ્રધાન મંડળને બાદ કરતાં સ્વ. મહેતાના દ્વિતીય મંત્રીમંડળમાં માધવસિંહને નાયબ મંત્રી બનાવીને મહેસુલ વિભાગનો હવાલો આપ્યા પછી ઉતાર ચઢાવ થતાં થતાં બીજા મુખ્યમંત્રી સ્વ. બળવંતરાય મહેતા અને હિતેન્દ્ર દેસાઈની કેબીનેટમાં પણ નાયબ મહેસુલ મંત્રી રહેલા. હિતેન્દ્ર દેસાઈની ત્રીજી ટર્મમાં ખેડામાંથી સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ ચુંટાતાં તેમને અને માધવલાલ શાહને કેબીનેટમાં લેતા માધવસિંહનો મંત્રીમંડળમાં સમાવેશ ન્હોતો થયેલો. સ્વ. બાબુભાઈ જ. પટેલ સંસ્થા કોંગ્રેસમાં જતાં સ્વ. ઘનશ્યામ ઓઝાના બીજી વારના પ્રધાનમંડળમાં માધવસિંહનો પ્રથમવાર તા. ૨૭/૦૧/૧૯૭૩ થી કેબીનેટ કક્ષાના મહેસુલ મંત્રી તરીકે સમાવેશ થયેલો. તે વખતે ભારતના બધા જ રાજ્યોમાં જમીન સુધારણા દ્વારા ખેડે તેની જમીન અને ગણોતિયાઓના અધિકારોનો પવન ફૂંકાઈ રહ્યો હતો. માધવસિંહની બચપણમાં ગરીબીથી મહેસુલમંત્રી તરીકેની યાત્રાના કારણે ભારતભરના રાજ્યો તેમની પાસેથી માર્ગદર્શન મેળવતાં હતાં. આજે પણ સચિવાલયમાં મહેસુલ વિભાગની જમીનના પેચીદા પ્રશ્નો અંગેની જુની ફાઈલો જોઈએ તો માધવસિંહની નાયબમંત્રી, મંત્રી અથવા મુખ્યમંત્રી તરીકે લીલી-લાલ સહીથી પાંચ-પાંચ,

દશ-દશ પાનાની હસ્તલિખિત નોંધો સેક્શન અધિકારીથી માંડીને મુખ્ય સચિવશ્રી સુધીના અધિકારીઓને આશ્ચર્યચકિત કરે છે.

માધવસિંહ મૂળભુત રીતે સત્તા કે સંપત્તિના નહી પરંતુ સરસ્વતીના પૂજારી હતા. કોઈ તેમના વ્યક્તિત્વમાં સાહિત્ય, કલા, સંસ્કૃતિ, કાયદો, રાજનીતિ અને પત્રકારત્વના સમન્વયના કારણે તેઓ સાક્ષર રાજનેતા ક.મા.મુનશીની યાદ તાજી કરાવતા હતા. રાજા વિક્રમાદિત્ય, ભોજ, અશોક, અકબર કે શિવાજીની જેમ માધવસિંહનો દરબાર પણ સત્તાકારણને કોરાણે મૂકીને સાહિત્યકારણને શોભાવનાર તે સમયના ખ્યાતિપ્રાપ્ત કવિઓ, લેખકો, શાયરો અને સારસ્વતોથી ઉભરાયેલો રહેતો. માધવસિંહનું નિવાસસ્થાન બદલાતું ત્યારે નવા સ્થળે તેમનાં હજારો પુસ્તકોની તબદીલી અને જાળવણી મુખ્ય સમસ્યા બની રહેતી. એટલે જ તેમના આકાર લેનાર બંગલામાં તેમનાં પુસ્તકો માટે આર્કિટેક્ચરએ શું આયોજન કર્યું છે તે મુખ્ય મુદ્દો બનતો. હું પણ જ્યારે તેમના નિવાસસ્થાને જતો ત્યારે સરસ્વતી મંદિર જેવી તેમની લાઈબ્રેરીનાં પુસ્તકોનાં કલાકો સુધી દર્શન કરી ધન્યતા અનુભવતો. આજે પણ સેક્ટર - ૧૯ ના તેમના બંગલામાં આ સરસ્વતીપુત્રની સુગંધ ફેલાવતી લાઈબ્રેરી જોઈ શકાય છે.

માધવસિંહે તેમની મુખ્યમંત્રી તરીકેની કારકિર્દીમાં અનામત વિરોધી આંદાલનોના બે કપરા કાળ જોયેલા. પ્રથમ તા. ૩૧/૧૨/૧૯૮૦ થી તા. ૧૩/૦૪/૧૯૮૧ દરમિયાન ૪૯ માનવોનો ભોગ લેનાર ૧૦૨ દિવસનું આંદોલન હતું. અમદાવાદના સીમાડે જેતલપુર ખાતે ગ્રામ પંચાયતના મકાનમાં જ પાટીદારો દ્વારા થયેલી શકરાભાઈ પ્રભુભાઈ નામના એક દલિતની હત્યા અને તેમાંથી થયેલી જાતિવાદી હિંસાને સત્તાધારી પક્ષના અસંતુષ્ટો, વિપક્ષ, વિદ્યાર્થી-વાલી, કર્મચારી આલમ અને મિડિયાએ, સન ૧૯૬૦પછી પ્રથમવાર બનેલ પછાત ક્ષત્રિય મુખ્યમંત્રીને હટાવવાના ઈરાદાથી, સંપૂર્ણ અનામત નાબૂદીના નારા સાથે ગુજરાતને ઘમરોળી નાખેલું. તત્કાલિન પ્રધાનમંત્રી સ્વ. ઈન્દિરા ગાંધી પણ ગુજરાતની આ અગનજ્વાળાથી દૂર રહેવા માંગતા હતા, છતાં પણ માધવસિંહે મૂળભુત અનામત સાથે સમાધાન કર્યા વગર પ્રથમ વૈતરણી પાર કરેલી.

માધવસિંહ ગુજરાતમાં OBC અનામતના અધિકારોની ચળવળના એક યા બીજા રીતે પક્ષકાર કે ઘડવૈયા કે ભોગ બનનાર બની રહેલા. ગુજરાતમાં જીઝ/જી અનામત તો સન ૧૯૫૦થી હતું જ. માધવસિંહ સોલંકી ધારાસભ્ય હતા ત્યારે ગુજરાતમાં આર્ટીકલ - ૩૪૦ હેઠળ કમિશનની રચના કરીને અનામત માટેની કવાયત સરકારના તા. ૦૮/૦૮/૧૯૭૨ના ઠરાવથી ન્યાયમૂર્તિ એ.આર.બક્ષી કમિશનની રચનાથી થઈ ત્યારે મુખ્યમંત્રી કોંગ્રેસના જ ઘનશ્યામભાઈ ઓઝા હતા. એક ને બાદ કરતા કમિશનના અન્ય તમામ સભ્યો પણ સવર્ણ સમાજમાંથી જ હતા. કમિશનની રજેરજ ગતિવિધિથી વાકેફ રહીને OBC અનામત શરૂ કરાવવા તેઓ કૃતનિશ્ચયી હતા. બક્ષી કમિશનનો અહેવાલ તા. ૨૭/૦૮/૧૯૭૬ના રોજ સરકારમાં રજૂ થયો ત્યારે રાજ્યપાલ શ્રી કે.કે. વિશ્વનાથન હેઠળ રાષ્ટ્રપતિ શાસન હતું અને સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે તા. ૦૧/૦૪/૧૯૭૮ના રોજ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ સહિત વર્ગ ૩/૪માં ૧૦ ટકા અને વર્ગ ૧/૨માં ૫ ટકા લેખે અનામતનો સ્વીકાર થયો ત્યારે માધવસિંહે વિરોધ પક્ષના નેતા તરીકે રચનાત્મક અને અસરકારક ભૂમિકા નિભાવેલી.

OBC અનામત સમગ્ર ભારતમાં લાગુ કરી શકાય તે માટે પ્રધાનમંત્રી સ્વ. મોરારજી દેસાઈના સમયમાં ૧૯૭૮માં રચાયેલા માંડલ કમિશનનો અહેવાલ સ્વ. ઈન્દીરા ગાંધી વડા પ્રધાન હતાં ત્યારે ૧૯૮૦માં સરકારમાં રજૂ થયેલો જેમાં દરેક રાજ્ય અને સમગ્ર રાષ્ટ્રમાં OBC માટે ૨૭ ટકા અનામતની ભલામણ થયેલી. આ અહેવાલનો અંગત રીતે અભ્યાસ કરવા માટે મુખ્યમંત્રી તરીકે માધવસિંહે તેમની સહીવાળી અંગત કોપી મને આપેલી.

તા. ૦૭/૦૬/૧૯૮૦ થી માધવસિંહ સોલંકી બીજી વાર મુખ્યમંત્રી બનતાં OBCના અનામત માટે સન ૧૯૮૧માં તેમણે નિવૃત્ત ન્યાયમૂર્તિ સી.વી. રાણે કમિશનની રચના કરેલી. આ કમિશને તા. ૩૧/૧૦/૧૯૮૩ના રોજ રિપોર્ટ રજૂ કરેલો, જેની ભલામણોના આધારે તા. ૧૦/૦૧/૧૯૮૫ ની કેબિનેટમાં મંજૂરી મેળવીને જે તે વખતે અમલી ૧૦ ટકા અનામતને બદલે ગુજરાતમાં મેડીકલ-ઈજનેરી સહિત નોકરીઓમાં ૧૮ ટકા અનામતનો નિર્ણય માધવસિંહે લીધેલો, તેને નિમિત્ત બનાવીને ફરી પછાત ક્ષત્રિય વર્ગના મજબૂત મુખ્યમંત્રીને હટાવવા માટે તા. ૦૬/૦૨/૧૯૮૫ ના રોજ મોરબી એન્જીનિયરીંગ કોલેજથી અનામત વિરોધી આંદોલનનો શંખ ફૂંકવામાં આવ્યો. દરમિયાન ગુજરાતમાં સાતમી વિધાનસભા ની ચૂંટણીઓમાં માધવસિંહની આગેવાની નીચે કોંગ્રેસે ૧૮૨ માંથી ૧૪૯ બેઠકો જીતીને પુનઃ તા. ૧૧/૦૩/૧૯૮૫ થી માધવસિંહ સોલંકીએ ત્રીજી વખત મુખ્યમંત્રી તરીકે શપથ લેતાં તેમના વિરોધીઓએ મોરબીથી શરૂ થયેલા અનામત વિરોધી આંદોલનને ઝલદ બનાવવા અખિલ ગુજરાત નવરચના સમિતિ બનાવીને તા. ૧૮/૦૩/૧૯૮૫ના રોજ ગુજરાત બંધનુ એલાન આપી, ત્યારબાદ ઉત્તરોત્તર સરકાર વિરુદ્ધમાં કાર્યક્રમો આપીને આંદોલન ચાલુ રાખેલું. તત્કાલીન પ્રધાનમંત્રી સ્વ. રાજીવ ગાંધીએ પણ જાત માહિતી માટે ગુજરાતની મુલાકાત લીધેલી.

શબ્દાંજલિ

કે.જી.વણઝારા

(પૂર્વ અધિક સચિવ)

સરકારે ૧૮ ટકા સુધી વધારેલી અનામતની મોકૂફીની જાહેરાત કરવા છતાં મુઠ્ઠીભર લોકોએ આંદોલન ચાલુ રાખેલું. આંદોલન પારાકાષ્ઠા ઉપર હતું તે વખતે જૂન ૧૯૮૫માં મારે માધવસિંહને મળવાનું થયેલું. તેમણે કહેલુ કે ૬૧ ટકા મત સાથે ચૂંટાયેલા ૧૪૯ સભ્યોના ટેકાવાળી મારી સરકારને મુઠ્ઠીભર લોકો મીડીયાનો સહારો લઈને ગેરકાયદેસર રીતે ઉથલાવવા સડકો ઉપર ઉતર્યા છે, ત્યારે મેં જે બલિદાનની પ્રક્રિયામાંથી પસાર થયો હતો, તે હવે આપ સમજી શકશો.'' પ્રત્યુત્તરમાં વી.પી.સિંધે જણાવ્યું હતું કે - ''૧૯૮૫માં આપ નૈતિક, સામાજિક, આર્થિક, રાજકીય અને બંધારણીય રીતે સાચા હતાં, તેનો અહેસાસ મને હવે થાય છે. આપનું તે વખતનું બલિદાન એળે ગયું નથી. મારા નિર્ણય અને રાજીનામામાં આપના બલિદાનનો જ પ્રતિઘોષ છે.'' આ સંવાદ સ્વયં માધવસિંહે તેમના સ્વમુખે મને જણાવેલો. છેલ્લે તા. ૨૧/૧૧/૨૦૧૬ના રોજ મારે માધવસિંહને તેમના ગાંધીનગર ખાતેના નિવાસે મળવાનું થયું ત્યારે તેમણે મારી નિયામક વિકસતિ જાતિ કલ્યાણ તરીકેની કામગીરીને બિરદાવીને વધુ યશ અને કીર્તિ માટે આશીર્વાદ આપેલા.

સન ૧૯૮૫માં મુખ્યમંત્રી તરીકે માધવસિંહની વિદાય પછી સન ૧૯૯૦માં થનાર આઠમી વિધાનસભા ચૂંટણીમાં હારના ભયથી ચૂંટણીના બે માસ પહેલાં કોંગ્રેસે પુનઃ માધવસિંહને તા. ૧૦-૧૨-૧૯૮૯ના રોજ ચોથીવાર મુખ્યમંત્રી બનાવેલા પરંતુ તેઓ જનતાપક્ષ અને ભાજપના સંયુક્ત મોરચાની તાકાતને ખાળી ન શક્યા. કોંગ્રેસની હાર થતાં સ્વ. ચિમનભાઈ પટેલ મુખ્યમંત્રી અને સ્વ. કેશુભાઈ પટેલ નાયબ મુખ્યમંત્રી બનેલા. ત્યારબાદ ભાજપ જનતા પક્ષમાંથી હટી જતાં સ્વ. ચિમનભાઈ પટેલે કોંગ્રેસ સાથે યુતિ સરકાર બનાવેલી. સન ૧૯૯૨માં મંડલ કમિશનનો ચુકાદો આવતાં સન ૧૯૯૪માં ચિમનભાઈ પટેલે ૧૦ ટકા OBC અનામતને ૨૭ ટકા સુધી વધારવાનો નિર્ણય લીધેલો.

ઉપરોક્ત ઘટનાક્રમની ઐતિહાસિક વક્તા એ છે કે સૌ પ્રથમ સન ૧૯૭૮માં મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ અને તેમના ટેકામાં સ્વ. કેશુભાઈ પટેલ સરકારમાં મંત્રી તરીકે હતા ત્યારે અપાયેલા ૧૦ટકા OBC અનામતની સામે અને ત્યારબાદ સન ૧૯૯૪માં મુખ્યમંત્રી સ્વ. ચિમનભાઈ પટેલના સમયમાં ૨૭ ટકા OBC અનામત સામે કોઈ અનામત વિરોધી આંદોલન થયેલું નહી, જ્યારે પછાત વર્ગના મુખ્યમંત્રી સ્વ. માધવસિંહ સામે પૂર્વગ્રહના કારણે આંદોલન થયેલું. સન ૧૯૮૫ના અનામત વિરોધી આંદોલનમાં બનેલી ઘટનાઓની તપાસ માટે ગુજરાત સરકારે તા. ૨૭/૦૬/૧૯૮૬ના જાહેરનામાથી રાજસ્થાન હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી વી.એસ.દવેની અધ્યક્ષતામાં નીમેલ કમિશનએ પણ સન ૧૯૯૦માં રજૂ કરેલા અહેવાલમાં તારણ કાઢ્યું હતુ કે હિત વંચિતો માટે નિર્ણય લીધો છે તે લોકો ૨૦૦/૫૦૦ની સંખ્યામાં પણ મારા સમર્થનમાં બહાર નથી આવતા. ગુજરાતના હિતમાં માધવસિંહે બલિદાન આપવાનું મન બનાવી લેતાં દિલ્હીથી નિરીક્ષક તરીકે સિનીયર કેબિનેટ મંત્રી શ્રી વી.પી.સિંધ ગુજરાત આવેલા. તા. ૦૫/૦૭/૧૯૮૫ના રોજ માધવસિંહ સોલંકીએ રાજીનામું આપતાં અને તા. ૦૬/૦૭/૧૯૮૫ ના રોજ સ્વ. અમરસિંહ ચૌધરી મુખ્યમંત્રી બનતાં તા. ૧૮/૦૭/૧૯૮૫ના રોજ અનામત વિરોધી આંદોલન સમેટાઈ ગયેલું.

બે અનામત આંદાલનોની ઝીંક ઝીલીને વંચિતો માટે અડીખમ યોદ્ધા, ગુજરાત રાજકારણના ભીષ્મપિતામહ અને OBCના મસિહા તરીકે માધવસિંહના જીવનની યાદગાર ઘટનાઓનો રસપ્રદ ઈતિહાસ...

માધવસિંહના રાજીનામાંના પાંચ વર્ષ પછી તા. ૧૩/૦૮/૧૯૯૦ના રોજ તત્કાલિન પ્રધાનમંત્રી સ્વ.વી.પી.સિંઘની સરકારે મંડલ કમિશનનો આધાર લઈને સમગ્ર ભારતમાં પ્રથમ વાર ૨૭ ટકા અનામત દાખલ કરેલું ત્યારે દિલ્હી અને ઉત્તર ભારતમાં પણ ગુજરાત જેવું જ અનામત વિરોધી આંદોલન થતાં સાથી રાજકીય પક્ષોએ સમર્થન પરત ખેચતાં ઠરાવના ત્રણ માસ પછી જ તા. ૧૦/૧૧/૧૯૯૦ ના રોજ વી.પી.સિંઘે રાજીનામું આપવું પડેલુ. તે વખતે માધવસિંહ સોલંકીએ વી.પી.સિંઘ સાથે વાત કરતાં તેમને જણાવ્યુ હતુ કે - ''પાંચ વર્ષ પહેલાં હું જે પીડા અને પછાતો માટેના બલિદાનની પ્રક્રિયામાંથી પસાર થયો હતો, તે હવે આપ સમજી શકશો.'' પ્રત્યુત્તરમાં વી.પી.સિંધે જણાવ્યું હતું કે - ''૧૯૮૫માં આપ નૈતિક, સામાજિક, આર્થિક, રાજકીય અને બંધારણીય રીતે સાચા હતાં, તેનો અહેસાસ મને હવે થાય છે. આપનું તે વખતનું બલિદાન એળે ગયું નથી. મારા નિર્ણય અને રાજીનામામાં આપના બલિદાનનો જ પ્રતિઘોષ છે.'' આ સંવાદ સ્વયં માધવસિંહે તેમના સ્વમુખે મને જણાવેલો. છેલ્લે તા. ૨૧/૧૧/૨૦૧૬ના રોજ મારે માધવસિંહને તેમના ગાંધીનગર ખાતેના નિવાસે મળવાનું થયું ત્યારે તેમણે મારી નિયામક વિકસતિ જાતિ કલ્યાણ તરીકેની કામગીરીને બિરદાવીને વધુ યશ અને કીર્તિ માટે આશીર્વાદ આપેલા.

સન ૧૯૮૫માં મુખ્યમંત્રી તરીકે માધવસિંહની વિદાય પછી સન ૧૯૯૦માં થનાર આઠમી વિધાનસભા ચૂંટણીમાં હારના ભયથી ચૂંટણીના બે માસ પહેલાં કોંગ્રેસે પુનઃ માધવસિંહને તા. ૧૦-૧૨-૧૯૮૯ના રોજ ચોથીવાર મુખ્યમંત્રી બનાવેલા પરંતુ તેઓ જનતાપક્ષ અને ભાજપના સંયુક્ત મોરચાની તાકાતને ખાળી ન શક્યા. કોંગ્રેસની હાર થતાં સ્વ. ચિમનભાઈ પટેલ મુખ્યમંત્રી અને સ્વ. કેશુભાઈ પટેલ નાયબ મુખ્યમંત્રી બનેલા. ત્યારબાદ ભાજપ જનતા પક્ષમાંથી હટી જતાં સ્વ. ચિમનભાઈ પટેલે કોંગ્રેસ સાથે ધરાવતાં રાજકીય તત્વોએ ગેરકાયદેસર આંદોલન ચલાવ્યુ હતું, જેમાં મીડીયાની ભૂમિકા પણ પક્ષપાતી અને પૂર્વગ્રહયુક્ત રહી હતી. માધવસિંહને સવર્ણ સમાજના વિરોધી માનનાર મિત્રો માટે અત્રે ઉલ્લેખનીય છે કે તેમના ત્રણ પુત્રો અને બે પુત્રીઓએ બંને પક્ષના કૌટુંબિક વડીલોની સંમતિ અને આશિર્વાદથી વાણિયા, પટેલ અને બ્રાહમણોમાં જ લગ્ન કરેલા છે.

ગુજરાતનું રાજકારણ છોડ્યા પછી દિલ્હી ગયેલા માધવસિંહે સ્વ. પી.વી. નરસિંહરાવની સરકારમાંથી સન ૧૯૯૨માં વિદેશમંત્રી તરીકે રાજીનામું આપ્યું ત્યારે તેમની ઉંમર ૬૫ વર્ષની હતી. તેમનો વિશાળ જનાધાર જોતા તેઓ પુનઃ ગુજરાતની ગાદી કબજે કરી શક્યા હોત પરંતુ વૈરાગી રાજા ભર્તુહરિની માફક સાહિત્ય, સંગીત, કલા અને કૃષ્ણભક્તિમાં આનંદપૂર્વક જીવન પસાર કર્યુ.

જન્મદિને વધામણી

પંકજ એમ શાહ
એડવોકેટ
મો. ૯૮૨૫૫ ૮૪૫૨૫

ખખ્ખર નરેશકુમાર આર
પ્રમુખ, ગાંધીનગર તાલુકા એફ.પી.એસ. એસોસિએશન

નવીનભાઈ એસ જયસ્વાલ
મો. ૯૭૨૭૫ ૫૨૦૮૪

મયુરભાઈ પ્રિયદર્શી
મો. ૯૭૧૨૭ ૮૮૭૯૯

હેલી યોગેશ પારેખ